Done.

" દિવ્ય - ભાસ્કર "
' યુવા- શિક્ષણ - રોજગાર '
અમદાવાદ આવૃત્તિ - પેજ-નં -3 .

Date : 31-12-2022

આજની પ્રેરણા

પરિવારને માત્ર તમારી સફળતા પર જ નહીં, પરંતુ તમારા વિચારો પર પણ ગર્વ હોવો જોઈએ

divyabhaskar.com

# યુવા-શિક્ષણ-રોજગાર

દિવ્ય ભાસ્કર, અમદાવાદ, શુક્રવાર, 30 ડિસેમ્બર, 2022



## નવી શિક્ષણ નિતી અંતર્ગત રાજ્યની મોટી ઓપન યુનિવર્સિટીના નિયમોમાં ફેરફાર કરાયો

# ડો.આંબેડકર યુનિવર્સિટીમાં વિદ્યાર્થી એક સાથે બે ડિગ્રી લઈ શકશે, કેમ્પસમાં આવવાની જરૂર નહીં

એજ્યુકેશન રિપોર્ટર | અમદાવાદ

ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) માં નવી શિક્ષણ નીતિ અંતર્ગત હવે વિદ્યાર્થીઓ એક સાથે બે ડિગ્રી મેળવી શકશે. વિદ્યાર્થીઓ હાલમાં ચાલુ પોતાના અભ્યાસક્રમની સાથે ડો. આંબેડર યુનિ.માંથી અન્ય ડિગ્રી પણ મેળવી શકશે. નવી શિક્ષણ નીતિ પ્રમાણે વિદ્યાર્થીઓ ફૂલ ટાઈમ ડિગ્રીની સાથે એક ઓનલાઈન કે ડિસ્ટન્સિંગ લર્નિંગ દ્વારા અન્ય ડિગ્રી મેળવી શકે તેવી સુવિધા વધારાઈ છે.

નવી શિક્ષણ નીતિ અંતર્ગત પ્રાથમિક શિક્ષણથી લઈને હાયર શિક્ષણમાં તબક્કાવાર ફેરફાર કરાઈ રહ્યા છે. નવી શિક્ષણ નીતિમાં અભ્યાસને સ્કિલ આધારીત તૈયાર કરાશે, જેથી વિદ્યાર્થીઓને ડિગ્રીની સાથે સ્કિલનો પણ લાભ મળશે. જેને ધ્યાને લઈને ડો.બાબા સાહેબ આંબેડકરમાં વિદ્યાર્થીઓની સુવિધા માટે નવો વિકલ્પ અપાયો છે.

### બે ડિગ્રી વિદ્યાર્થીઓને નોકરીમાં મદદરૂપ થશે

એક સાથે બે ડિગ્રીની સુવિધાથી વિદ્યાર્થીઓમાં સમયનો બચાવ થશે, સાથે નોકરીમાં પણ મદદરૂપ થશે. ઉપરાંત એન્જિનિયરિંગ જેવી સ્ટ્રીમમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થી બીએસસીની ડિગ્રી પણ મેળવી શકશે. વિદ્યાર્થીને નોકરી દરમિયાન બાયોડેટામાં વેરાઈટી જોવા મળશે.

### 33થી વધુ કોર્સમાં ડબલ ડિગ્રી મેળવી શકાશે

ડો. આબેડકર યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા વગેરે અભ્યાસક્રમમાં 33થી વધુ કોર્સ ચાલે છે. વિદ્યાર્થીઓને આ તમામ કોર્સમાં ડબલ ડિગ્રી મેળવવા માટેની તક મળશે. આ સાથે બીસીએ, બીબીએ સહિતના પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં પણ વિદ્યાર્થી જોડાઈ શકશે.

### નવી નીતિમાં વિદ્યાર્થીઓને કેન્દ્રમાં રાખવામાં આવ્યા છે

*નવી શિક્ષણ નીતિ વિદ્યાર્થી કેન્દ્રીત છે. વિદ્યાર્થીઓની શક્તિ અને સંભાવનાને નવી નીતિમાં સ્થાન મળશે. વિદ્યાર્થીઓ એક સાથે બે ડિગ્રી મેળવીને પોતાના ભવિષ્યમાં અવસરો વધારી શકશે. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીના તમામ કોર્સમાં વિદ્યાર્થીઓ એક સાથે બે ડિગ્રી મેળવી શકશે.*

» **ડો. અમી ઉપાધ્યાય,** ચાન્સલેર - ડો. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.